" દૈનિક વર્તમાનપત્ર "

# સુરત મહાનગરપાલિકા

**નગર રચના યોજના, સુરત નં. ૮૪ (કોસાડ-ભરથાણા કોસાડ-મોટા વરાછા-અબ્રામા)**

## જાહેર સુચના

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત મહાનગરપાલિકાએ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ - ૧૯૭૬ ની કલમ-૪૧(૧) અન્વયે નગર રચના યોજના, સુરત નં. ૮૪ (કોસાડ-ભરથાણા કોસાડ-મોટા વરાછા - અબ્રામા) તૈયાર કરવાનો ઇરાદો નગર નિયોજન સમિતિએ તેના તા. ૧૫/૦૪/૧૩નાં ઠરાવ નં. ૦૮/૨૦૧૩થી જાહેર કરેલ છે. સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિમાં ઠરાવ નં. ૩૧/૨૦૧૩, તા. ૧૮/૧૧/૨૦૧૩ થી આઉટર રીંગરોડના સમાવિષ્ટ વિસ્તારની નગર રચના યોજના, સુરત નં. ૮૪ (કોસાડ-ભરથાણા કોસાડ-મોટા વરાછા-અબ્રામા) નામદાર સરકારશ્રીમાં ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ - ૧૯૭૬ની કાયદાકીય જોગવાઇઓ અનુસાર મંજુરી અર્થે સાદર કરેલ.

સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજના બાબતે નામદાર સરકારશ્રીના શહેર વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૩૦/૦૧/૨૦૧૫ રોજના જાહેરનામા અંતર્ગત સદરહુ નગર રચના યોજના, સુરત નં. ૮૪ (કોસાડ-ભરથાણા કોસાડ-મોટાવરાછા-અબ્રામા) માટે જરૂરી નિર્દેશનો સુચવી પૂર્તતા કરવા જણાવેલ છે. જે સંદર્ભે સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં. ૮૪ (કોસાડ-ભરથાણા કોસાડ-મોટા વરાછા-અબ્રામા)માં જરૂરી પૂર્તતા કરી મુસદ્દો/દરખાસ્ત તૈયાર કરવામાં આવેલ છે. જે અન્વયે "ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો - ૧૯૭૯"ના નિયમ-૧૭ હેઠળની જોગવાઇ અનુસાર એક સભા સુરત મહાનગરપાલિકામાં નીચે જણાવેલ દિવસે, સમયે તથા સ્થળે રાખવામાં આવી છે. જેમાં યોજનાની સઘળી દરખાસ્તો અંગે સમજુતી આપવામાં આવશે તેમજ જમીન માલિકો/હિતસંબંધ ધરાવતા વ્યક્તિઓ મારફત જે કોઇ સુચનો કે વાંધાઓ રજુ કરવામાં આવશે તે પણ યોગ્ય જણાયે ધ્યાને લેવામાં આવશે. આ સભામાં હાજર રહેવા માટે હિત ધરાવનારી દરેક વ્યક્તિને કે જેઓના સરનામાની જાણકારી સુરત મહાનગરપાલિકાને છે. તેઓને વ્યક્તિગત નોટીસ આપવામાં આવી રહી છે છતાં આ જાહેર સુચનાથી મજકુર નગર રચના યોજના સુરત નં. ૮૪ (કોસાડ-ભરથાણા કોસાડ-મોટા વરાછા-અબ્રામા)ના સમાવિષ્ટ જમીનોના માલિકોને / હિત ધરાવનારી વ્યક્તિઓને નીચે જણાવેલ દિવસે, સમયે તથા સ્થળે હાજર રહેવા વિનંતી છે.

**તારીખ: ૨૩/૦૨/૧૫**

**સમય : ૧૧:૩૦ કલાકે**

**સ્થળ : સરદાર ખંડ, મુખ્ય કચેરી, એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત.**

નં.પી.આર.ઓ./૬૬૩/૨૦૧૪-૧૫
તા.: ૧૧/૦૨/૨૦૧૫.

ડેપ્યુટી કમિશ્નર (પી એન્ડ ડી)
સુરત મહાનગરપાલિકા

" ગુજરાત મિત્ર "
તા. ૧૨-૦૨-૧૫.

" દૈનિક વર્તમાનપત્ર "

# સુરત મહાનગરપાલિકા

**નગર રચના યોજના, સુરત નં. ૮૪**

**(કોસાડ - ભરથાણા કોસાડ - મોટા વરાછા - અબ્રામા)**

## જાહેર સૂચના

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત મહાનગરપાલિકાએ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧(૧)અન્વયે નગર રચના યોજના, સુરત નં.૮૪ (કોસાડ - ભરથાણા - કોસાડ - મોટા વરાછા અબ્રામા) તૈયાર કરવાનો ઈરાદો નગર નિયોજન સમિતિએ તેના. ૧૫-૦૪-૧૩ નાં ઠરાવ નં. ૦૮-૨૦૧૩ થી જાહેર કરેલ છે. સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિમાં ઠરાવ નં. ૩૧-૨૦૧૩ તા. ૧૮-૧૧-૨૦૧૩ થી આઉટર રીંગરોડના સમાવિષ્ટ વિસ્તારની નગર રચના યોજના, સુરત નં.૮૪ (કોસાડ - ભરથાણા - કોસાડ- મોટા વરાછા અબ્રામા) નામદાર સરકારશ્રીમાં ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ-૧૯૭૬ની કાયદાકીય જોગવાઈઓ અનુસાર મંજૂરી અર્થે સાદર કરેલ.

સદરહું મુસદ્દારૂપ નગર રચના યોજના બાબતે નામદાર સરકારશ્રીના શહેર વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૩૦-૦૧-૨૦૧૫ રોજના જાહેરનામાં અંતર્ગત સદરહુ નગર રચના યોજના, સુરત નં. ૮૪ (કોસાડ-ભરથાણા કોસાડ-મોટાવરાછા - અબ્રામા) માટે જરૂરી નિર્દેશનો સૂચવી પૂર્તતા કરવા જણાવેલ છે. જે સંદર્ભે સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત ૮૪ (કોસાડ -ભરથાણા કોસાડ -મોટા વરાછા-અબ્રામાં) માં જરૂરી પુર્તતા કરી મુસદ્દો / દરખાસ્તં તૈયાર કરવામાં આવેલ છે. જે અન્વયે ''ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો - ૧૯૭૯'' ના નિયમ-૧૭ હેઠળની જોગવાઈ અનુસાર એક સભા સુરત મહાનગરપાલિકામાં નીચે જણાવેલ દિવસે, સમયે તથા સ્થળે રાખંવામાં આવીછે. જેમાં યોજનાની સઘળી દરખાસ્તોની અંગે સમજૂતી આપવામાં આવેશે તેમજ જમીન માલિકો/હિતસંબંધે ધરાવતી વ્યક્તિઓ મારફતે જે કોઈ સૂચનો કે વાંધાઓ રજૂ કરવામાં આવશે તે પણ યોગ્ય જણાયે ધ્યાંને લેવામાં આવશે. આ સભામાં હાજર રહેવા માટે હિત ધરાવનારી દરેક વ્યક્તિને કે જેઓના સરનામાની જાણકારી સુરત મહાનગરપાલિકાને છે. તેઓને વ્યક્તિગત નોટિસ આપવામાં આવી રહી છે છતા આ જાહેર સૂચનાથી મજકૂર નગર રચના યોજના સુરત નં. ૮૪ (કોસાડ - ભરથાણા - કોસાડ - મોટા વરાછા - અબ્રામાં) ના સમાવિષ્ટ જમીનોના /માલિકોને હિત ધરાવનારી વ્યક્તિઓને નીચે જણાવેલ દિવસે, સમયે તથા સ્થળે હાજર રહેવા વિનંતી છે.

તારીખ:-૨૩-૦૨-૧૫

સમય:-૧૧.૩૦ કલાકે

સ્થળ :- સરદાર ખંડ, મુખ્ય કચેરી, એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા,મુગલીસરા, સુરત.

**પી.આર.ઓ.નં. ૬૬૩ -૨૦૧૪-૧૫**
**તા. ૧૧/૦૨/૨૦૧૫**

**ડેપ્યુટી કમિશનર (પી એન્ડ ડી)**
**સુરત મહાનગરપાલિકા**

" દિવ્ય ભાસ્કર "

તા. ૧૨/૨/૨૦૧૫.